# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-09-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : Wednesday** **Regional News**

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર હિના મોદી વાંચે છે.**

***************************************************

1) રાજ્યમાં ઓછા વરસાદવાળા જિલ્લાઓમાં પીવાના પાણી અને ઘાસચારાની ઉપલબ્ધતા અંગે સંબંધિત વિભાગને મુખ્યમંત્રીની સૂચના.

2) યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના વિકાસ માટેની 10 વિકાસ પરિયોજના માટે રાજ્ય સરકારની સૈદ્ધાંતિક મંજૂરી.

3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપ દ્વારા સેવા સંકલ્પ અભિયાન ચલાવાશે.

4) 26 લાખ રૂપિયાથી વધુની ઑનલાઈન છેતરપિંડી મામલે સેલવાસથી એક આરોપીની ધરપકડ.

5) **રાજકોટમાં આજથી જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળાનો પ્રારંભ.**

6) અમદાવાદ જિલ્લાની ટીમે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્યકક્ષાની ફૂટબૉલ સ્પર્ધાનો ખિતાબ જીત્યો.

----------------------------

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# HARSH SANGHAVI CABINET BRIEFING

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કચ્છ , જામનગર અને દેવભૂમિદ્વારકા સહિતના ઓછા વરસાદવાળા વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની સ્થિતિની ચર્ચા કરવામાં આવી. પત્રકારો સાથેની વાતચીતમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , મુખ્યમંત્રીએ ઓછા વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિની સમીક્ષા કરી પીવાના પાણી અને પશુઓ માટે ઘાસચારાની ઉપલબ્ધતા અંગે સંબંધિત વિભાગને સૂચના આપી.

**(BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)**

*"જે વર્ષે ખૂબ ઓછા વરસાદના કારણે ઘાસ માટે ઘાસચારા માટે ખાસ કરીને થોડા દિવસ અગાઉ જ એની સંપૂર્ણ સત્તા કલેક્ટરો ને આપવામાં આવી છે, જેથી ઝડપથી નિર્ણયો લઇને નીચે ઝડપથી મદદ પહોંચી શકે તેની બી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. સાથે સાથે આજે ઘાસચારાનો સ્ટોક આ બધા જ જિલ્લાની અંદર પૂરતો રહે તે માટે પણ સૂચના આપી છે અને પીવાના પાણીની કોઇ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પણ આદરણીય મુખ્યમંત્રી શ્રીએ બધા જ વિભાગોને સૂચના આપી છે."*

# HARSH SANGHAVI YATRADHAM VIKAS

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના યાત્રાધામો અને પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસ માટેની 10 મહત્વની વિકાસ પરિયોજના માટે કરોડો રૂપિયાના વિકાસકાર્યોને સૈદ્ધાંતિક મંજૂરી આપી. તે અંતર્ગત અમદાવાદના કેસરડી ખાતે આવેલા શ્રી જોધલીર મંદિરના નવનિર્માણ , કચ્છના અંજારમાં ગોવર્ધન પર્વત વિકાસ પરિયોજના, મહેસાણામાં ઉમરેચામાં મિની પાવાગઢ તરીકે પ્રખ્યાત શ્રી મહાકાળી માતાજી મંદિર સહિત વિવિધ જિલ્લામાં આવેલા 10 ધાર્મિક અને ઐતિહાસિક સ્થળ પર યાત્રાળુ સુવિધાઓ અને નવનિર્માણનું કામ હાથ ધરાશે. આ અંગે શ્રી સંઘવીએ વધુ માહિતી આપી.

## (BYTE: HARSH SANGHAVI, DEPUTY CHIEF MINISTER)

*("ઉનાઈ માતાજીના મંદિરના સંકુલ માટે સેકન્ડ ફેઝના ૫.૩ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. અનલગઢનો કિલ્લો અને મ હાકાલી મંદિર માટે સવા પાંચ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. મહીસાગર નદીના ભાદરવા ઘાટના ડેવલોપમેન્ટ માટે ૩.૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. વાલીનાથ મહાદેવ મંદિરના સોલર પ્રોજેક્ટ માટે ખાસ કરીને ૨.૬૮ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. રૂપાલ વરદાયિની માતાના મંદિરમાં આસપાસના ડેવલોપમેન્ટ માટે ૩૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.")*

# STATE BJP WORKSHOP

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સરકારના વડા તરીકે 25 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ભાજપ દ્વારા રાષ્ટ્રવ્યાપી સેવા સંકલ્પ અભિયાન યોજાશે. ગાંધીનગરમાં ગુજરાત પ્રદેશ ભાજપની કાર્યશાળા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપ પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે કહ્યું, પ્રધાનમંત્રીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરથી એક મહિના સુધી આ અભિયાન અંતર્ગત સેવા કાર્યક્રમ યોજાશે.**

**(BYTE: AJAY BRAHMABHATT, PRADESH MAHAMANTRI, GUJARAT BJP)**

*"૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી સેવા સંકલ્પ અભિયાન તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. જન કલ્યાણની જેટલી પણ યોજના કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની છે, એને સેચ્યુરેશન લેવલ પર લઈ જવા માટે, આ ગુજરાતનો એક પણ નાગરિક, આ ભારત દેશનો એક પણ નાગરિક એને મળવાપાત્ર લાભથી વંચિત ન રહે તેના માટે વિવિધ પ્રકારની યોજના અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે."*

# PM MODI STATE VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી આઠ તારીખે વડોદરાના પ્રવાસે આવશે. આ અંગે ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને વડોદરાના સાંસદ ડૉક્ટર હેમાંગ જોષીએ કહ્યું , શ્રી મોદી વડોદરામાં વિવિધ વિકાસકાર્યોની ભેટ આપશે. દરમિયાન તેઓ વડોદરાના લોકો સાથે સંવાદ પણ કરશે. પ્રધાનમંત્રીના આગમનને લઈ ભાજપ સંગઠન દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે.

# SRT CYBER FROUD

**સુરત સાયબર ગુના પોલીસે 26 લાખ રૂપિયાથી વધુની ઑનલાઈન છેતરપિંડી મામલે એક આરોપીને સેલવાસથી ઝડપી પાડ્યો છે. આરોપીએ ફરિયાદીને લાલચ આપી વિવિધ બૅન્ક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવ્યા હતા. આ અંગે સુરત સાયબર ક્રાઈમ સેલનાં ડીસીપી બિશાખા જૈને વધુ માહિતી આપી.**

**(BYTE: BISHAKHA JAIN, DCP,**

**CYBER CRIME CELL SURAT)**

*“જે વિક્ટિમ છે તેને શરૂમાં નાના-નાના ટાસ્ક આપવામાં આવ્યા હતા , જેમ કે કોઈ રીલ છે , તો તેને લાઈક કરવાની છે અથવા તેના પર રિવ્યૂ પોસ્ટ કરવાનો છે અને આ રીતે શરૂઆતમાં તેને ૧૫૦-૧૫૦ રૂપિયા દરેક રિવ્યૂ અને લાઈકના મળ્યા , તો તેને લાગ્યું કે સામેવાળી જે પાર્ટી છે તે જેન્યુઇન છે. ત્યારબાદ તેને મોટો લાલચ આપવામાં આવ્યો કે જો તમે અમારા પેમેન્ટ ટાસ્ક પ્રોગ્રામમાં જશો , તો તમને શરૂઆતમાં થોડું રોકાણ કરવું પડશે , પરંતુ પછી બાદમાં તમને વિડિઓવલ વખતે સારો એવો રિટર્ન મળશે. તો આ સાંભળીને ફરીયાદીને લાલચ આવી ગયો અને પછી તેણે ૨૬ લાખ રૂપિયા જ્યારે ઇન્વેસ્ટ કર્યા અને વિડિઓવલ તે કરી શક્યો નહીં , ત્યારે તેને ખબર પડી કે આ બધા ફ્રોડસ્ટર્સ છે.”*

# BVR ALCOHOL TRAGEDY REMAND

ભાવનગરમાં નકલી કેફી દ્રવ્યના સેવન બાદ સર્જાયેલી દુર્ઘટના મામલે પકડાયેલા પોલીસ કૉન્સ્ટેબલના અદાલતે 10 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા. સ્ટેટ મૉનિટરિંગ સેલ – SMC-એ કૉન્સ્ટેબલની કડક પૂછપરછ બાદ તેને અદાલતમાં રજૂ કર્યો. રિમાન્ડ અંગે પોલીસની માગણીને ધ્યાનમાં રાખી અદાલતે કૉન્સ્ટેબલને 10 દિવસના રિમાન્ડ પર મોકલ્યો છે. અગાઉ SMC-એ આ મામલે 38 જેટલા આરોપીની ધરપકડ કરી હતી.

# GNR MUNICIPAL ELECTION DATE

ચૂંટણી તંત્ર દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીને લઈ તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. તેના ભાગરૂપે મહાનગરપાલિકાની પ્રાથમિક મતદાર યાદી જાહેર કરવામાં આવી. તેમાં બે લાખ 58 હજાર 918 મતદાર નોંધાયા. ચૂંટણી માટે 294 મતદાન મથક નક્કી કરાયા.

પ્રાથમિક મતદાર યાદી નાગરિકોના નિરીક્ષણ માટે વિવિધ સ્થળોએ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગાંધીનગરના સેક્ટર-17 સ્થિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ભવન, સૅક્ટર 11માં કોર્ટની બાજુમાં આવેલા M.S. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લૉર, પેથાપુર બસમથક સામેની કચેરી, ભાટ જનસેવા કેન્દ્ર અને કોબા જનસેવા કેન્દ્ર ખાતે મતદાર યાદી જોઈ શકાશે.

# HEALTH MINISTER SAMIKSHA BETHAK

આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરીયાની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં દ્વિતીય સ્વાસ્થ્ય પરિષદની કાર્યયોજના બનાવવા ઉચ્ચસ્તરની બેઠક યોજાઈ. તેમાં ગત 24 માર્ચે રાજ્યકક્ષાની દ્વિતીય પરિષદમાં રજૂ કરાયેલી 26 મુખ્ય ભલામણના ત્વરિત અમલીકરણ પર ભાર અપાયો. આ અંગે શ્રી પાનશેરીયાએ છેવાડાના માનવીને ત્વરિત સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવા સરકારના સ્પષ્ટ સંકલ્પનો પણ પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું , ક્ષયના દર્દીઓની દવાઓની નિયમિતતા જાળવીના તાલુકા અને જિલ્લાઓને ક્ષયમુક્ત બનાવવાનો લક્ષ્યાંક રાખવા બેઠકમાં ચર્ચા થઈ. શ્રી પાનશેરીયાએ અંધશ્રદ્ધામાં સમય ન વેડફવા પણ અપીલ કરી.

## (BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

*"ભૂવા ભગતજીને પણ અમે પ્રણામ કરીને રિક્વેસ્ટ કરીએ છીએ કે તમે ચોક્કસ પ્રકારે આસ્થા સાથે તમે પૂજા અર્ચના કરો ને અમારી આ અર્ચનાને નમન છે. પરંતુ જ્યાં આવું મેડિકલ ક્ષેત્રના બાળક કે માતાઓને પ્રોબ્લેમ આવે છે , ત્યાં ચોક્કસ પ્રકારે એમને પણ જાગૃતતા કરીને દવાખાને મોકલવા આ સૌથી મોટી સેવા છે."*

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BTD SNR SPECIAL TRAIN

બોટાદ અને સુરેન્દ્રનગર વચ્ચે આજથી આગામી છ તારીખ સુધી અનરિઝર્વ્ડ એટલે કે, બિનઆરક્ષિત વિશેષ ટ્રેન દોડાવાશે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વને લઈ બોટાદ-સુરેન્દ્રનગર અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન બોટાદ મથકથી બપોરે 12.10 વાગ્યે ઉપડીને એક વાગ્યેને 40 મિનિટે સુરેન્દ્રનગર પહોંચશે.

જ્યારે સુરેન્દ્રનગર-બોટાદ સ્પેશિયલ ટ્રેન સુરેન્દ્રનગરથી બપોરે બે વાગ્યેને પાંચ મિનિટે ઉપડી પોણા ચાર વાગ્યે બોટાદ પહોંચશે. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વને ધ્યાનમાં રાખી વિશેષ ભાડા પર આ ટ્રેન દોડાવવાનો નિર્ણય કરાયો હોવાનું ભાવનગરના મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ જણાવ્યું.

# DMN SCHEME INSPECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવના પ્રશાસક પ્રફુલ પટેલે દમણના પ્રતિકાત્મક બ્રિજ , જમ્પોર સિફ્રન્ટ સહિતની વિવિધ વિકાસલક્ષી પરિયોજનાનું નિરીક્ષણ કર્યું. તેમણે પરિયોજનાની પ્રગતિ , કામની ગુણવત્તા અને સમયમર્યાદાની પણ સમીક્ષા કરી. અધિકારીઓ તથા બાંધકામ સંસ્થાઓના કામની ગુણવત્તા સાથે કોઈ સમાધાન કર્યા વગર તમામ પરિયોજનાઓ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા પ્રશાસકે સૂચના આપી.

# STATE LOKMELA OVERALL

**રાજકોટના રેસકોર્સ મેદાનમાં  આજથી  જન્માષ્ટમીના પરંપરાગત લોકમેળાનો પ્રારંભ  કરાયો. આગામી છ સપ્ટેમ્બર સુધી યોજાનારા લોકમેળામાં પહેલીવાર વિશ્વભરમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે જાણીતા ભારતીય નેવીબેન્ડ પ્રથમ બે દિવસ દેશભક્તિના સૂર રેલાવશે. જ્યારે કલાકારો દ્વારા દરરોજ બપોરે ત્રણથી સાંજે આઠ વાગ્યા સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરશે.     આ અંગે અમારા પ્રતિનિધિનો અહેવાલ સાંભળીએ....**

**(VC: JAYDEEP PANDYA)**

***“રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર હસ્તકની લોકમેળા સમિતિ દ્વારા આયોજિત તારીખ ૨ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસીય 'વિરાસતથી વિકાસ' લોકમેળાનો ઉદ્ઘાટન આજ રોજ રાજકોટમાં એક સફાઈ કર્મચારી મહિલાના હાથે કરવામાં આવ્યું હતું. આ દ્રષ્ટાંત થકી રાજકોટ જિલ્લા લોકમેળા સમિતિએ તમામ કર્મચારીને પણ સમાન અધિકાર અને મહત્વ આપી અને એક અનોખું દ્રષ્ટાંત પૂરૂં પાડ્યું છે. આ સાથે પાંચ દિવસીય લોકમેળાની રંગત આજથી શરૂ થઈ છે.”***

**ઉપરાંત ભાવનગરમાં મહાનગરપાલિકા દ્વારા જન્માષ્ટમી નિમિત્તે જવાહર મેદાનમાં આજથી લોકમેળાનું આયોજન કરાયું. તેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના 30 હજાર ભૂલકાંઓને એક રાઈડ તદ્દન વિનામૂલ્યે કરાવાશે.**

**તો,  ભાવનગરમાં ઐતિહાસિક તીર્થધામ તુલસીશ્યામ ખાતે જન્માષ્ટમી પર્વ ઉત્સાહ અને ભક્તિસભર માહોલમાં ઉજવાશે. આ પર્વ નિમિત્તે ભગવાન શ્યામને પહેલી વાર ખૂલ્લા પડદે મહાઅભિષેક કરાશે.**

# REVENUE DEP PORTAL

મહેસૂલ વિભાગના E-Dhara, i-ORA અને AnyROR પૉર્ટલ પરની સેવાઓ મેન્ટેનન્સના કારણે આજે રાત્રે 11.30 વાગ્યાથી આગામી છ તારીખે રાત્રે 11.30 વાગ્યા સુધી બંધ રહેશે તેમ મહેસૂલ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# EVE STATE WEATHER UPDATE

**રાજ્યના કેટલાક જિલ્લામાં આજે વરસાદી માહોલ જોવા મળ્યો. દરમિયાન સાંજે છ વાગ્યા સુધીમાં 25 તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. હવામાન વિભાગ અમદાવાદના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કહ્યું , રાજ્યમાં હાલ એકસાથે ચાર વરસાદી પ્રણાલિ સક્રિય હોવાથી આગામી સાત દિવસ સામાન્ય વરસાદ થઈ શકે છે. બીજી તરફ, રાજ્યમાં હાલ સામાન્ય કરતા 15 ટકા ઓછો વરસાદ નોંધાયો.**

**(BYTE: RAMASHRAY YADAV,**

**SCIENTIST, IMD AHMEDABAD)**

*"આગામી સાત દિવસ માટે ગુજરાત રાજ્યની આગાહીની વાત કરીશું. તો આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત પ્રદેશ તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. પવનની વાત કરીએ તો , ગુજરાતના ભૂમિ પ્રદેશમાં દક્ષિણપશ્ચિમથી પશ્ચિમી પવન ફૂંકાશે."*

# PNC PAAK VAVETAR

**પંચમહાલ જિલ્લામાં આ વખતે મોસમનો કુલ 76 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. જોકે, ગત 15 દિવસથી વરસાદે વિરામ લેતા ખેડૂતો ચિંતામાં મૂકાયા છે.**

## (VOICECAT: VIPUL PUROHIT)

***(પંચમહાલ જિલ્લામાં છેલ્લા 15 દિવસથી વરસાદે વિરામ લેતાં ખેડૂતોની ચિંતા વધી છે. જિલ્લામાં સિઝનનો 76 ટકા વરસાદ નોંધાયો છે અને એક લાખ 68 હજાર હેક્ટરમાં વાવેતર થયું છે. ખાસ કરીને 54 હજાર 560 હેક્ટરમાં મકાઈનું વાવેતર થયું છે. હાલ આશરે 60 ટકા મકાઈનો પાક તૈયાર છે અને દૂધિયા દાણા ભરાવાનો તબક્કો ચાલી રહ્યો છે. ખેતીવાડી વિભાગના જણાવ્યા મુજબ, હાલમાં ખેતરોમાં ભેજ હોવાથી પાકની સ્થિતિ સારી છે , પરંતુ આગામી સાત દિવસમાં વરસાદ નહીં પડે તો મકાઈ સહિતના પાકના ઉત્પાદનને નુકસાન થવાની શક્યતા છે.)***

# GNR FOOTBALL TOURNAMENT

અમદાવાદ જિલ્લાની ફૂટબૉલની ટીમે સબ-જૂનિયર બોય્ઝ ઇન્ટર ડિસ્ટ્રીક્ટ ફૂટબૉલ સ્પર્ધાનો ખિતાબ જીત્યો. ગુજરાત રાજ્ય ફૂટબૉલ સંગઠન દ્વારા ગાંધીનગરમાં યોજાયેલી સ્પર્ધાની ફાઈનલ મેચમાં અમદાવાદે ગાંધીનગરની ટીમને ત્રણ-બેથી મ્હાત આપી. આજની મેચમાં બંને ટીમ વચ્ચે જોરદાર મુકાબલો થતા છેલ્લી ક્ષણ સુધી કોણ જીતશે તે નક્કી કરવું મુશ્કેલ હતું. હાઈ ટાઈમનો સ્કૉર બે-એક અમદાવાદ તરફી રહ્યો. અમદાવાદના માનવ પટેલે બે અને ગાંધીનગરના વિષ્ણુ કરીરે એક ગૉલ કર્યો હતો.

બીજા હાફમાં ગાંધીનગરના મન્સૂરી અલમાને 49-મી મિનિટે ગૉલ કરી મેચને બે-બેની બરાબરી પર લાવી દીધી. જ્યારે 83-મી મિનિટે અમદાવાદના માનવ પટેલે ફરી ગોલ કરી ટીમનો સ્કોર ત્રણ-બે કરી ટીમને વિજય અપાવ્યો.

આ સ્પર્ધામાંથી ગુજરાતની રાષ્ટ્રીય ટીમના કેમ્પ માટેના 25 ખેલાડી અને 15 સ્ટેન્ડબાય ખેલાડીઓની પસંદગી કરાશે.